સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નર્મદા નીરે રાજરમત રમાઈ જાય છે,
ને ચૂંટણી વિસ્તારમાં પાણી અપાઈ જાય છે.
ને ઢોળાઈ જાય છે પાણી ખોટી ખટપટમાં
ઉનાળો આવે, તંત્રનું પાણી મપાઈ જાય છે

હાઈકુ

હતાં નિરોગી!
સરકારી દવાથી -
'સૂકાઈ' ગયાં

અટવાઈ ગ્યાં -
પવિત્ર માં નર્મદા
સાત કોઠામાં

(નમાની દેવી નર્મદે)

ચિંતન

જીવત સૈં મરનો ભલો, જે મર જાણે કોય,
મરને સે પહેલે જો મરે, કુલો, ઉજિયારા હોય.

ઉપરોક્ત સાખી 'કહત કબીરા'માંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે જે મનુષ્યનો દેહ કાળધર્મ પામે તે પહેલા જીવતેજીવ જ મનથઈ મરી ચૂક્યો હોય છે, અર્થાત્ જે જીવ સંસારની સર્વમાયા, લાલસા. અને તૃષ્ણા તથા સંતાન, પત્ની અને કુટુંબીજનો પ્રત્યેની મમતારૂપી બંધનથી મુક્ત થઈ ગયો છે. તે જીવ મનથી મરી જાણે છે, તેને માટે જીવન શું ? અને મરણ શું ? તેના ઉજગરમાં તો સર્વત્ર પ્રકાશ જ ફેલાઈ ગયો છે.

જેના મનથી મોહ-માયા-સંબંધો-ભૌતિક સુખના ઈરાદા - ધ્યેય - વાસના - વ્યસન મરી ચૂક્યાં છે એ છતે જીવને 'મૃત' જ છે આવી નિર્લેપ વ્યક્તિ સંસારનાં બધાં જ બંધનથી મુક્ત છે પછી અને જીવન કે મૃત્યુ બધુ જ સરખું જ છે.

સુવિચાર

- સારા હૃદયની સાથે સારો સ્વભાવ પણ જરૂરી છે, હૃદયથી નવા સંબંધો વધારી શકાય પણ સ્વભાવ સંબંધ ટકાવી રાખે છે - **અખંડ આનંદ**
- સંબંધોની માયાજાળમાં એક સંબંધ એવો પણ હોવો જોઈએ કે જે કડવી શિખામણ ભલે આપે પરંતુ મુશ્કેલીમાં છાંયડો પણ આપે - **એસ. ભટ્ટાચાર્ય**
- મનની ગ્રંથિઓ બદલી, તેને ઉન્નત દિશામાં લઈ જવા સારા કાર્યોમાં પરોવેલી રાખો - **ખલીલ જિબ્રાન**
- સાહસ ટકાવી રાખતાં જો વિજય મળે તો આનંદ થાય પરંતુ નિષ્ફળતા મળે તો વ્યક્તિ વધુ સમજદાર બને છે - **મુંબઈ સમાચાર**
- વર્તમાનની શાંતિમાં ખલેલ પહોંચાડે તેવા ભૂતકાળને વાગોળવાનો કોઈ જ અર્થ રહેતો નથી - **સંત રોબિન**
- જીવનમાં શ્રદ્ધા જ વ્યક્તિની અંદરથી જ ઈશ્વર ઉત્પન્ન કરી શકે છે - **ડો. પ્રણવ પંડ્યા**
- આજનું ઔષધ : રાઈનું ચૂર્ણ નવશેકા પાણી સાથે લેવાથી અજીર્ણ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જો દુશ્મનોના હુમલા રાત્રે થાય તો તકેદારી રાખવા સર સેનાપતિએ લશ્કરી છાવણીમાં એક હુકમ બહાર પાડ્યો. સૌ સૈનિકોને ફરમાનમાં જણાવાયું કે કોઈએ પણ તંબુમાં મીણબત્તી કે ફાનસ સળગાવવા નહીં. રાત્રે સેનાપતિ ખુદ ઘોડા ઉપર આંટો મારવા નીકળ્યા. દરેક તંબુમાં ઘોર અંધકાર હતો. એક દૂર નાના તંબુમાં ઝાંખો પ્રકાશ જોઈ તેમને આશ્ચર્ય થયું. ત્યાં પહોંચ્યા અને જોયું તો તેમના લશ્કરનો સૈનિક જે તેમને ખૂબ પ્રિય હતો. કારણ કે તે લશ્કરનો સૌથી બહાદુર, હોંશિયાર અને વફાદાર શૂરવીર સૈનિક હતો. તંબુમાં નાની મીણબત્તી સળગાવી ઝાંખા પ્રકાશમાં કંઈક કાગળમાં લખી રહ્યો હતો. સેનાપતિને આવેલા જોઈ સૈનિક ગભરાઈ ગયો. સેનાપતિએ પૂછ્યું, 'મારા ફરમાન છતાં તે મીણબત્તી કેમ સળગાવી?, અત્યારે એવું તો શું લખવાનું છે?' ગભરાયેલાં સૈનિકે કહ્યું, 'સર હું, મારી પ્રેયસીને કાગળ લખી રહ્યો હતો.' સેનાપતિએ કહ્યું, 'વાંધો નહિં, કાગળ પૂરો કરી લે હું બહાર બેઠો છું પછી મને બોલાવજે.' સૈનિકે કાગળ લખી નાખ્યો અને સેનાપતિ પાસે પહોંચ્યો. સેનાપતિએ કહ્યું, 'તારી પ્રેયસીને એક લીટી લખી નાખ કે આ મારો છેલ્લો પત્ર છે... અલવીદા...' પેલા સૈનિકે લીટી લખી. સેનાપતિએ પોતાની બંદૂકમાંથી ગોળી છોડી શૂરવીર સૈનિકને ઠાર મારી દીધો અને જતાં જતાં કહ્યું, 'નિયમ એટલે નિયમ, કોઈ પણ વ્યક્તિને એના પાલનમાં છૂટછાટ હું આપતો નથી ભલે તે ગમે એટલો મહાન શૂરવીર, બહાદુર, વફાદાર સૈનિક હોય.' આ સેનાપતિ એટલે નેપોલિયન બોનાપાર્ટ.

દ્વેષભાવનાથી ખરડાઈ રહ્યું છે રાજકારણ

તંત્રીસ્થાનેથી...

ચૂંટણી એક રાજરમત છે. રમતવીરો સામસામા ઝઝૂમે છે, કોઈ જીતે છે, કોઈ હારે છે. જીતનારે અભિમાન નહીં કરવું જોઈએ અને હારનારે હતાશ નહીં થવું જોઈએ. આજે જીતનારો આવતીકાલે હારી શકે છે અને આજે પરાજિત થયેલો ભવિષ્યમાં વિજેતા બની શકે છે. અંગ્રેજીમાં જેને સ્પોર્ટ્સમેન સ્પિરિટ અને આપણી ભાષામાં ખેલદિલી કહેવામાં આવે છે એવી સહજ સ્વીકારવૃત્તિ ન હોય તો રમનાર ખરેખર એ રમત માટે લાયક નહોતો એમ જ માનવું રહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ નસીબદાર ખેલાડી સાબિત થયા છે. હારેલાઓને લાગે છે કે એ અંચઈ કરીને જીત્યા છે. પરંતુ ફક્ત આક્ષેપ કરી દેવાથી કશું વળે નહીં. અંચઈ કરી હોત તો એને પકડી પાડવાનું કૌવત હોય એણે જ એવા આક્ષેપો કરવા ઘટે. મમતા બેનરજી ગરમ મિજાજનાં, તીખાં તેવરવાળાં નેતા છે. એમને ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળમાં ખાસ્સી અઢાર બેઠકો અંકે કરીને તૃણમૂલ કોંગ્રેસના ગઢમાં ગાબડાં પાડ્યાં એ જીરવાતું નથી. સ્વાભાવિક છે કે ભાજપના હિંદુત્વનું પ્રસ્થાપિત સૂત્ર 'જય શ્રી રામ' સાંભળવું એમને આકરું લાગે. રામ તો તમામ ભારતીયોના આદર્શ મહાનાયક છે. ભારતીય જનતા પાર્ટીવાળાઓએ એમને 'પેટન્ટ' કરી લીધા હોય એવો માહોલ રચી દીધો છે, પરંતુ એ લોકો મમતા દીદીને ખીજવવા 'જય શ્રી રામ' નો સૂત્રોચ્ચાર કરતા હોય ત્યારે એમણે ચિડાઈ જવાને બદલે ડબલ જોશથી 'જય શ્રી રામ' અથવા મોરારિ બાપુ વાળું 'જય સિયારામ' જેવું સૂત્ર ઉચ્ચારવું જોઈએ. એને બદલે મમતા ખિજાઈ જઈને એવા સૂત્રોચ્ચારો કરનારને જેલમાં પૂરે, સામે તૃણમૂલવાળા 'જય કાલી' અને 'જય હિંદ' જેવાં સૂત્રો ઉચ્ચારીને રામ જાણે ભાજપની જ અસ્કામત હોય એવી પ્રતીતિ કરાવે તે ધરાર ખોટું છે. હાર થઈ છે તો થઈ છે. પછી ભાજપવાળા તૃણમૂલ કાર્યકરને ટાર્ગેટ કરી સ્વધામ પહોંચાડે કે તૃમણૂલ વાળા ભાજપના કાર્યકરો પર કાળો કેર વરતાવે એ તો નરી મૂર્ખતા જ ગણાય. મમતા દીદીને વડાપ્રધાન બનવું હતું. એમ તો માયાવતી, ચંદ્રાબાબુ અને શરદ પવારનો પણ એ જ છૂપો એજન્ડા હતો. સરખું ગોઠવાયું નહીં. પ્રજાને નરેન્દ્ર મોદી જ એ પદ માટે વધારે લાયક લાગ્યા. એટલે તે ખુદ અમેઠીની પ્રજાએ કોંગ્રેસના વડાપ્રધાનના ઉમેદવારને નામોશીભરી હાર આપી તગેડી મૂક્યા. રાહુલ ગાંધીમાં હાર સ્વીકારવાની ખેલદિલી છે. મમતા અને માયાવરીમાં એ નથી. ચંદ્રાબાબુ ને તો મુખ્યમંત્રી પદ પર ગુમાવવું પડ્યું છે. ભાજપના નેતાઓમાં જબરી 'કીલિંગ ઈંસ્ટિંકટ' - વિરોધીને નેસ્તનાબૂદ કરી દેવાની વૃત્તિ છે. મોદી અને અમિત શાહમાં એ સૌથી વધુ પ્રમાણમાં છે. એવી જ કીલિંગ વૃત્તિ મમતા અને માયાવતીમાં છે. કયારેક લાલુ યાદવમાં પણ હતી. આ વૃત્તિ જિતાડી શકે ત્યાં સુધી બરાબર છે, પરંતુ પછી એ નરમ પડવી જોઈએ. કમનસીબે રાજકારણીઓ આવી દ્વેષભાવના છોડી શકતા નથી. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી કૈલાસ વિજયવર્ગીય મમતા દીદીને એમની ટર્મ પૂરી થાય તે પહેલાં જ મુખ્યમંત્રી પદેથી વિદાય કરી દેવાની જાહેરાત કરી ચૂક્યાં છે. આવું દ્વેષીલું રાજકારણ નેતાઓ પ્રત્યે જનતાના માનસમાં નકારાત્મક અભિપ્રાય ન સરજે તો જ નવાઈ.

હવે સૂરજ પશ્ચિમમાં નહિ ઊગે



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

પ્રતાપ અને એના સાથીઓ માતા મહાકાળીના મંદિરમાં ભેગા થયા. એમણે પ્રતિજ્ઞા લીધી. પુરોહિતને સાક્ષીમાં રાખ્યા.

'ચિતોડ અમારી માતૃભૂમિ છે. એની સ્વતંત્રતા અમારું લક્ષ્ય છે અને મુગલોના હાથમાંથી છોડાવીને જ જંપીશું. આ માટે અમે મૃત્યુની પર પરવા નહિ કરીએ. સ્વતંત્રતા ન મળે, ત્યાં સુધી અમે જમીન ઉપર સાદડી પાથરીને સૂશું. આહાર વિહાર અને પહેરવેશમાં સાદગી રાખશું.' પુરોહિત આચાર્યએ એને આશીર્વાદ આપ્યા. એ વખતે ચિતોડમાં બાદશાહ અકબર (ઈ.સ. ૧૫૫૬ - ૧૬૦૫)નો સૂબો શાસન કરતો હતો.

પ્રતાપે હવે શરુઆત કરી. ચિતોડ પાસે એક મહત્ત્વનો દુર્ગ હતો. પોતાના ચુનંદા અને જાંબાઝ સાથીઓ સાથે એણે ઓચિંતુ આક્રમણ કર્યું. મુગલો પાસેથી આ દુર્ગ પડાવી લીધો. લોકોને એનામાં શ્રદ્ધા બેઠી. ચિતોડમાંથી સામે ચાલીને આવીને સેનામાં જોડાવા લાગ્યા.

પ્રતાપે હવે હુકમ બહાર પાડ્યો - 'હું ચિત્તોડનો મહારાણા છું. કોઈએ ખેતી કરવા નથી, ચિત્તોડની ભૂમિ ખેતી કરે, અને એની ઉપજ મુગલો લઈ લે, એ નહીં ચાલે.' એક ખેડૂતે સૂબાની મંજૂરી લઈને, ખેતી શરૂ કરી. તો પ્રતાપે એને જાહેરમાં ફાંસી આપી દીધી. ચિત્તોડમાં ખેડપાણી બંધ થઈ ગયા.

અકબરને આ વિજય અને વિદ્રોહના સમાચાર મળતા હતા. એણે રાજા માનસિંહને બોલાવ્યો. એ એનો સાળો, સેનાપતિ અને મંત્રી હતો. એને આદેશ આપ્યો. 'તમે જાવ. એ આપણી મિત્રતા સ્વીકારે. વગર યુદ્ધે શરણાગતિ લઈ લે.' અકબરને પ્રતાપ માટે માન હતું.

માનસિંહ પ્રતાપ પાસે આવ્યો. શરણાગતિ તો ન જ સ્વીકારી, પ્રતાપે એની સાથે ભોજન પણ ન લીધું, કહી દીધું - 'એ વિદેશી આક્રમણ મારો શત્રુ છે; તમે એને તમારી જાત વેચી છે.' માનસિંહ ધમકી આપીને જતો રહ્યો. - 'યુદ્ધ મેદાનમાં મળશું.' માનસિંહ ગયો, કે તરત પ્રતાપે મુગલોની છાવણીને ઘમરોળી નાખી.

ઈ.સ. ૧૫૭૬માં હલ્દી ઘાટીના મેદાનમાં યુદ્ધ થયું. શાહજહા સલીમ અને માનસિંહ સેના લઈને આવ્યા. એમની પાસે ૮૦ હજાર સૈનિકો અને તોપો હતી. પ્રતાપ પાસે ૨૨ હજાર સૈનિકો હતો - તોપ ન હતી. વીરતાપૂર્વક પ્રતાપે યુદ્ધ આપ્યું. બંને પક્ષે ખુવારી થઈ.

પ્રતાપ ઘવાયા હતા. અશ્વ ચેતક એને ગુફામાં લઈ આવ્યો, પછી અશ્વનું મૃત્યુ થયુ. 'યુદ્ધ તો અનિર્ણિત પૂરું થયું હતું. દરિદ્રતા અને અન્નના અભાવે પ્રતાપ અકળાયા. એણે અકબરને શરણાગતિનો પત્ર લખ્યો. અકબરનો સભાકવિ પૃથ્વીરાજ હતો. તે પ્રતાપને શુભેચ્છક હતો. તેણે પત્ર લખ્યો - 'તમે શરણાગતિ લેશો, તો સૂરજ પશ્ચિમમાં ઊગશે.' પ્રતાપે તરત જ નિર્ણય બદલી નાખ્યો. અને જવાબ આપ્યો. 'હવે સૂરજ પશ્ચિમાં નહિ ઉગે.'

એને ભીલોની સેના મદદે આવી. ચિત્તોડના શ્રેષ્ઠી ભામા શાહનું દ્રવ્ય મળ્યું. વીસ વર્ષ અકબરને લડત આપી. દેવાર, ઉદયપુર, કોમલમીર વગેરે દુર્ગો જીતી લીધા. લાંબી માંદગીને કારણે અવસાન થયું. પણ છેક સુધી સાદડી પર જ સૂતા અને એ રીતે દેહ મૂક્યો.

છઠ્ઠી જૂન મહારાણા પ્રતાપ જયંતિ છે. માતૃભૂમિની સ્વતંત્રતા માટે શૌર્ય અને હિંમત સાથે જીવન પર્યંત ઝઝૂમીને બલિદાન આપનાર મહાપુરુષને શ્રદ્ધાંજલિ.

અગ્નિશમન માટે કયા વાયુનો ઉપયોગ થાય છે ?

વિજ્ઞાન જગત

૧ કોઈ પણ વસ્તુનું વજન પૃથ્વીના કયા સ્થળે સાપેક્ષમાં નહીવત ઓછું હોય છે ?
(અ) ધ્રુવ પ્રદેશ પર (બ) મકરવૃત્ત પર
(ક) કર્કવૃત્ત પર (ડ) વિષુવવૃત્ત પર

૨ પૃથ્વીની બંને બાજુ નજીકના કયા ગ્રહો છે ?
(અ) બુધ-ગુરુ (બ) બુધ-શુક્ર
(ક) શુક્ર-મંગળ (ડ) મંગળ-ગુરુ

૩ ભારતનું સંપૂર્ણ ઈ-સાક્ષર શહેર કયું છે ?
(અ) કોઝીકોડ (બ) બેંગ્લુરુ
(ક) પુના (ડ) હેદરાબાદ

૪ પિત્તળમાં કઈ બે ધાતુઓનું મિશ્રણ હોય છે ?
(અ) એલ્યુમિનિયમ - તાંબુ (બ) જસત - એલ્યુમિનિયમ
(ક) જસત - તાંબુ (ડ) તાંબુ - એલ્યુમિનિયમ

૫ અગ્નિશમન માટે કયા વાયુનો ઉપયોગ થાય છે ?
(અ) હિલિયમ (બ) નિયોન
(ક) નાઈટ્રોજન (ડ) કાર્બન ડાયોકસાઈડ

૬ નીચેનામાંથી કઈ ધાતુ પ્રવાહી સ્વરુપે હોય છે ?
(અ) શીશું (બ) કલાઈ
(ક) પારો (ડ) સિલ્વર

૭ રબરને કડક બનાવવા શું ભેળાવવામાં આવે છે ?
(અ) સલ્ફર (બ) ફોસ્ફરસ
(ક) ઝિંક (ડ) કેલ્શિયમ

૮ ઉંદર મારવા માટેની ઝેરી દવાનું નામ શું છે ?
(અ) પોટેશિયમ ડાયક્રીમેટ (બ) પોટેશિયમ આયોડાઈડ
(ક) ઝિંક ફોસ્ફેટ (ડ) ઝિંક સલ્ફેટ

૯ હિમોગ્લોબીનનું મુખ્ય ઘટક શું છે ?
(અ) ફોસ્ફરસ (બ) કેલ્શિયમ
(ક) મેગ્નેશિયમ (ડ) આયર્ન

૧૦ પીળીયાના રોગમાં માનવ શરીરનું કયું અંગ સૌથી વધુ પ્રભાવિત થાય છે ?
(અ) યકૃત (બ) કિડની
(ક) હોજરી (ડ) આંતરડા

૧૧ પ્રેશર કૂકરની શોધ કયાં વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) રીની લેનિક (બ) હોરેશ શોર્ટ
(ક) ડેનિશ પેપિન (ડ) ગેલેલીયો

૧૨ ચંદ્રના પ્રકાશને પૃથ્વી પર આવતાં કેટલો સમય લાગે છે ?
(અ) એક સેકન્ડ (બ) ૧.૧૦ સેકન્ડ
(ક) ૧.૨૦ સેકન્ડ (ડ) ૧.૨૮ સેકન્ડ

૧૩ સોડા વૉટર બનાવવા કયો વાયુ વપરાય છે ?
(અ) કલોરીન (બ) કાર્બન ડાયોકસાઈડ
(ક) ઓક્સિજન (ડ) નાઈટ્રોજન

૧૪ સિગારેટના લાઈટરમાં કયો વાયુ વપરાય છે ?
(અ) બ્યુટેન (બ) પ્રોપેન
(ક) મિથેન (ડ) કોલગેસ

૧૫ પ્લાઝમા કેવા રંગનું હોય છે ?
(અ) વાદળી (બ) રાતા
(ક) જાંબલી (ડ) રંગવિહીન

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૭ જુન :**
  - વલ્લભ વિદ્યાનગરના સ્થાપક ભાઈલાલભાઈ પટેલનો જન્મદિવસ (૧૮૮૮)
  - ચિત્તોડના મહત્ત્વાકાંક્ષી રાજવી રાણા પ્રતાપનો જન્મદિવસ (૧૫૩૯)
  - ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં પ્રથમ વખત સવિનય કાનૂન ભંગનો પ્રયોગ કર્યો (૧૮૯૫)
  - ભારતે બીજા ઉપગ્રહ ભાસ્કર-૧નું પ્રક્ષેપણ કર્યું (૧૯૭૯)
- **૮ જુન :**
  - 'મુંબઈ સમાચાર' એન 'જન્મભૂમિ' દૈનિકના બાહોશ તંત્રી શામળદાસ ગાંધીનું નિધન (૧૯૫૩)
  - દેશની સાર્વજનિક રેડિયો પ્રણાલીનું નામ 'ઓન ઈન્ડિયા રેડિયો' રાખવામાં આવ્યું (૧૯૩૬)
  - અભિનેત્રી ડિમ્પલ કાપડિયાનો જન્મદિવસ (૧૬૫૮)
  - આગ્રાહની ગાદી પર કબ્જો મેળવવા ઔરંગઝેબે પોતાના પિતા શાહજહાંને મહેલમાં કેદ કર્યા. (૧૬૫૮)
- **૯ જુન :**
  - વનવાસી ક્રાંતિકારી ચળવળના પ્રણેતા બિરસા મુંડાનું નિધન (૧૯૦૦)
  - પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી કિરણ બેદીનો જન્મદિવસ (૧૯૪૯)
  - ઈંગ્લેન્ડના નામી નવલકથાકાર અને સાહિત્યકાર ચાર્લ્સ ડિકશનની પુણ્યતિથિ (૧૮૭૦)
  - લાલ બહાદુર શાસ્ત્રી દેશના વડાપ્રધાન બન્યા (૧૯૬૪)
- **૧૦ જુન :**
  - રાજવી કવિ સૂરસિંહજી ગોહેલ 'કલાપી'નું નિધન (૧૯૦૦)
  - બ્રિટનના એડવિન આર્નલ્ડની જન્મજયંતિ (૧૮૩૨)
  - સાહિત્યકાર ગુલાબદાસ બ્રોકરની પુણ્યતિથિ (૨૦૦૬)
  - સ્પિરિટ રોવરને પૃથ્વી પરથી છોડવામાં આવ્યું (૨૦૦૩)
- **૧૧ જુન :**
  - અલ્હાબાદ અને આગ્રા હાઈકોર્ટની સ્થાપના (૧૮૬૬)
  - અમેરીકન ઈન્વેન્ટર આર્મસ્ટ્રોંગે એફ. એચ. રેડિયોનો પહેલો અખતરો કર્યો.
  - મોરબી નગરીના શિલ્પી વાઘજી ઠાકોરનું નિધન (૧૯૨૨)
- **૧૨ જુન : વિશ્વ બાળમજુરી વિરોધી દિવસ**
  - વીસમી સદીના મહાન વાર્તાકાર અર્નેસ્ટ મિલર હેમિંગ્વેનો જન્મદિવસ (૧૯૬૧)
  - પાકિસ્તાન ક્રિકેટર જાવેદ મિયાંદાદનો જન્મદિવસ (૧૯૫૭)
  - નેપોલિયને બોનાપાર્ટે રશિયા પર આક્રમણ કર્યું (૧૮૧૨)
  - ભાંગભોડના આરોપસર નેલ્સન મંડેલાને જેલવાસ થયો (૧૯૬૪)
- **૧૩ જુન :**
  - મહાન દેશભક્ત ગણેશ સાવરકરનો જન્મદિવસ (૧૮૭૯)
  - ગઝલ સમ્રાટ મહેંદી હસનનું નિધન (૨૦૧૨)
  - દિલ્હી ઉપહાર સિનેમા દુર્ઘટના દિવસ (૧૯૯૭)
  - રમત-ગમતના શોખીન રાજકુમાર દુલીપસિંહજીનો જન્મદિવસ (૧૯૦૫)

ગત સપ્તાહના સવાલનો જવાબ

કયા વૈજ્ઞાનિક હાલમાં 'ઈસરો'ના વડા છે ?

જવાબ : કૈલાશવાડીવુ શિવાન (કે. શિવાન)

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મહેશ. એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૬) રૂચિત એ. પટેલ : સે-૬ (૭) નટુભાઈ દરજી : પેથાપુર (૮) આકાશ જી. પટેલ : સે-૨૩ (૯) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

'અમૂલ' ને એક બ્રાન્ડ તરીકે વિશ્વ વિખ્યાત કરનાર પૂર્વ ચેરમેનનું નામ શું છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

આપવી ગમતી પણ લેવી ન ગમતી ચીજ

હળવે હૈયે
પ્રકાશ લાલા

આપણને બીજાને આપવી ગમે છે પણ લેવી નથી ગમતી તે ચીજ કઈ ?

કોઈ ફટ દઈને જવાબ આપશે : 'ગાળ.'

આમ જુઓ તો જવાબ સાવ ખોટોય નથી પણ બધા કંઈ 'સુરતીલાલા' નથી હોતા કે વાતવાતમાં સામેવાળાને આપી દે ગાળ...

તો પછી અન્યને આપવી ગમે પણ બીજા પાસેથી લેવી ના જ ગમે એ ચીજ શું ? હા, હા... તમારો જવાબ સાચો છે... એ ચીજ છે સલાહ !

દરેક જણ બીજાને સલાહ આપવા ઉત્સુક હોય છે, તત્પર - તૈયાર હોય છે... તક મળી નથી કે સલાહ આપી નથી !! પણ પોતાને કોઈ એ આપી જાય તો એ એને રૂચતું નથી. અરે, બોલી ઉઠે છે : 'એ મને શેનો સલાહ આપી જાય? એની લાયકાત શું છે ?'

ગમ્મતની વાત તો એ છે કે સલાહ આપનારની લાયકાતને 'ચેલેન્જ' કરનાર પોતે બીજાને સલાહ-શિખામણ આપવા બેસે છે ત્યારે પોતાની લાયકાત-ઓકાત-પાત્રતા છે કે નહીં તે વિશે વિચારવાનું ભૂલી જાય છે. અલબત્ત, દરેક સમયે સલાહ આપનાર વ્યક્તિ તે માટેની પાત્રતા નથી જ ધરાવતી હોતી એવું ય નથી હોતું...

અમારાં પડોશી બહેને ઘર આગળથી જતાં બીજાં બહેનને પૂછ્યું : 'બહુ દિવસે દેખાયા ?'

'હા... હમણાં ટાઈમ નથી મળતો... આવતા રવિવારે દીકરા પાસે અમેરિકા જઈએ છીએ તે એની ખરીદીને પેકીંગમાં પડ્યાં છીએ...' પેલાં બહેને કહ્યું...

'એમ કે ?' અમારાં પડોશી બહેન બોલ્યાં ને પછી 'હવે તો ત્યાંય આપણી બધી વસ્તુઓ મળતી થઈ ગઈ છે તે ખોટી અહીંથી ઉપાડી ના જતાં ને ખરીદી કરો તો બધી એક રૂમમાં પહેલાં ભેગી કરજો, પછી બેગો ભરશો તો સહેલું પડશે... ને બેગોમાં પણ તમારી એરલાઈન્સે કહ્યું એટલું પૂરેપૂરું વજન ના ભરશો. એનાથી બે કિલો કમ રાખવું. આપણા એરપોર્ટના કાંટામાં ફેર જ હોય છે... પછી ત્યાં છેલ્લી ઘડીએ હાંફળાંફાંફળાં થઈને કાઢવા બેસવું પડે તે મોટો ત્રાસ છે...' એમ એમનો સલાહનો ધોધ શરૂ થઈ ગયો. હવે આ 'લય' ને કોણ સમજાવે કે પેલાં બહેને તો તમે પૂછ્યું એટલે બિચારાંએ સહજભાવે જાણ કરી, નહીં કે તમારી સલાહ લેવા અને પાછું સલાહ માંડ એકાદ વાર પરદેશ જઈ આવેલ, પાંચમી વાર પરદેશ જતાં ને એમનાથી વધુ વાર ફલાઈટમાં મુસાફરી કરનારને આપી રહ્યાં હતા.

પણ સલાહ આપવાની, એણાંય વણમાગી સલાહ પીરસી દેવાની મજા કઈ ઑર જ હોય છે પછી ભળે ને સામેની વ્યક્તિ આપણને 'ડાહ્યા' નહીં 'દોઢ ડાહ્યા' માને !!

સલાહની બાબતમાં લગભગ બધા જ માને છે કે એ તો હંમેશા આપવા માટે જ હોય છે, લેવા માટે બિલકુલ નહીં... એટલે કે માર્કેટની ભાષામાં કહીએ તો એના 'લેવાલ' કોઈ નથી. હા, એને ધરાર પધરાવી જ પડે છે!

આ લગભગ દરેક ગુજરાતીઓને મનપસંદ ધંધો છે કેમ કે આમાં કોઈ ખર્ચ કરવો પડતોન થી કે નથી કોઈ મૂડી રોકાણની જરૂર... હા, જરૂર રહે છે જે વિષયમાં આપણું જ્ઞાન નહીંવત હોય તે વિષયમાં પણ 'ઑવરવાઈઝ' લાગીએ તે હદ સુધીની એડવાઈઝ આપવા માટેના જબરદસ્ત 'કોન્ફીડન્સ.' જે રીતે પાનના ગલ્લે ઊભા રહી ક્રિકેટ મેચ જોઈ રહેલા ભાઈ, આઉટ થયેલા કોહલીએ આ બોલ કઈ રીતે રમવો જોઈતો હતો તે અંગે પોતાની 'એક્સપર્ટ કોમેન્ટ' આપતા હોય છે એવા 'કોન્ફીડન્સ'ની.

સલાહ - એડવાઈઝ આપવાનો ઊભરો આવી જતાં વ્યક્તિ ભૂલી જાય છે કે હું જેને કહી રહ્યો છું તે તો આ વિષયમાં મારાથી ઘણી અનુભવી - જાણકાર છે... પણ મહેરબાન, આવું સરેજે વિચાર્યું કે જરા સરખો આત્મવિશ્વાસ ડગ્યો તો પત્યું... આપી રહ્યા કોઈને સલાહ... પછી કદાચ તમારે ભાગે સલાહ લીધા કરવાનું જ આવશે. સલાહ આપનારે તો એવા જ વહેમમાં રાચવાનું રહે છે કે હું 'સોનેરી સલાહ' આપીને પેલાને ખૂબ મદદરુપ થઈ રહ્યો છું. વળી સામેની વ્યક્તિનાં એક્સ્પેસન્સ (એના મુખારવિંદ પર ઉભરી આવતા ચીડ - ગુસ્સો - અણગમો વગેરે) તરફ પણ એ બિલકુલ ધ્યાન આપતો નથી ને તો જ એ આ મહાન કામ કરી શકે છે !!

સમાજમાં આવા સલાહકારોને જોઈ પેલી પંક્તિઓ કે 'પ્રભુ, મને એ જોઈ હસવું આવે છે કે તારા જ બનાવેલા તુજને બનાવે છે.'માં થોડો ફેરફાર કરીને કહેવાનું મન થાય છે કે 'મને એ લોકોને જોઈ હસવું - રડવું બેય આવે છે, જે વાત વાતમાં 'સલાહ' દેવાની હિંમત જતાવે છે.'